# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
## સરદારકૃષિનગર,–૩૮૫ ૫૦૬, (જી. બનાસકાંઠા–ગુજરાત)

---

## <u>ટેન્ડર નોટીસ</u>

આથી રસ ધરાવતી ટુર એન્ડ ટ્રાવેલ્સ પાર્ટીઓ પાસેથી અત્રેની કોલજેના દસમાં સત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના **શૈક્ષણિક પ્રવાસ તા.૦૮/૦૩/૨૦૧૯ થી તા. ૧૭/૦૩/૨૦૧૯** દરમ્યાન રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશ રાજયોમાં જવા માટે <u>૫૬(૩×૨) પુશબેક સીટ ધરાવતી લકઝરી</u> બસના <u>પ્રતિ કિલોમીટરના ભાવ</u> (લાગુ પડતા તમામ પ્રકારના કરવેરા/ટેક્ષ તેમજ પાર્કિંગ ચાર્જ સાથેના) મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી (ટેન્ડર નોટીસ, ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો અને બોલીઓ અને ટેન્ટેટીવ ટુર પોગ્રામ વગેરે) નીચે મુજબ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વેબ–સાઈટ પર થી અથવા અત્રેની કચેરીમાંથી ટેન્ડર ફોર્મ મેળવી, સંપૂર્ણ ભરેલ ટેન્ડર ફોર્મ, ટેન્ડર ફી રૂા.૧૫૦૦ અને ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦ નો અલગ–અલગ ડીડી 'એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ, એસ.બી.આઈ., દાંતીવાડા' ના નામનો સામેલ રાખી અત્રેની કચેરીને પેપરમાં પ્રસિધ્ધ થયેલ તારીખથી **<u>દિન –૭ માં મળી જાય તે રીતે ફકત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરીયર</u>** થી મોકલી આપવા જણાવવામાં આવે છે.

આચાર્ય

સ્થળ: સરદારકૃષિનગર
તારીખ: ૧૮/૦૨/૨૦૧૯

# <u>ટેન્ડર ફોર્મ</u>

**પ્રેષકઃ.................................**
**.................................**
**.................................**
**.................................**

**તારીખઃ /૦૨/૨૦૧૯**

**પ્રતિ,**

આચાર્યશ્રી,
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય,
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર – **૩૮૫ ૫૦૬**

**વિષયઃ** લકઝરી બસના ભાવ આપવા બાબત....

મા.સાહેબશ્રી,
સવિનય જણાવવાનું કે, આપશ્રીના માગ્યા મુજબની શરતોને આધિન ભાવની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **ભાવ ભરનાર પાર્ટીએ આપવાની વિગત** | **વિગત** |
|---|---|---|
| ૧. | જે લકઝરી બસ મોકલવાની હોય તેનો ગાડી નંબર અને મોડલ વર્ષ (આર.સી બુકની નકલ જોડવી) | |
| ૨. | માલીકીની કુલ કેટલી બસ છે? | |
| ૩. | વિદ્યાર્થીઓના **શૈક્ષણિક** પ્રવાસ (૧૦ દિવસ) અર્થ રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણા રાજયના સામેલ ટેન્ટેટીવ ટૂર પોગ્રામ પ્રમાણે કુલ અંદાજે <u>૩,૯૦૦ કી.મી.</u> પ્રવાસ માટે ના પ્રતિ કીલો મીટરના ભાવ. (બસની સીટની કેપેસીટી – ૫૬ સીટ) | |

આપશ્રીના ક્રમ–૧ થી ૨૬ શરતો સાથે હું સંમત છું અને તે મને બંધનકર્તા રહેશે. ઉપરોકત પત્રકમાં જણાવેલ માહીતી પ્રમાણેની વિગતો અને શરતો ધ્યાને લઈને હું મારી લકઝરી બસ પ્રવાસ માટે ભાડે આપવા બંધાઉ છું. મારી આપેલ વિગતો અસ્પષ્ટ કે અધુરી હશે અને તેના લીધે મારુ ભાવપત્રક રદ્બાતલ થશે તો મને બંધનકર્તા રહેશે.

સ્થળ :
તારીખઃ

ભાવ ભરનારની સહીઃ

ટ્રાવેલ્સ કંપનીનું નામ/ સરનામું :

ટેલીફોન તથા મોબાઈલ નંબરઃ

# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

## સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર

**–:: લકઝરી બસ માટેના ભાવ અંગેના કોન્ટ્રાકટ બાબતની બોલી અને શરતો ::–**

1. લકઝરી બસના કેઝયુઅલ કોન્ટ્રાકટ માટે રસ ધરાવનાર ઈજારદારોએ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબના પ્રતિ કિ.મી.ના ભાવ (લાગુ પડતા તમામ પ્રકારના કરવેરા/ટેક્ષ તેમજ પાર્કિંગ ચાર્જ સાથેના) આપવાના રહેશે.

2. પ્રવાસ માટે આપવામાં આવનાર બસના કી.મી. ની ગણત્રી  આ મહાવિદ્યાલયના મુખ્ય મથક (સરદારકૃષિનગર) થી શરુ  કરીને પરત આ મહાવિદ્યાલય આવે ત્યાં સુધીના ગણવાના રહેશે.

3. શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન  રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પાર્કીંગ ખર્ચ, પેનલ્ટીની રકમ અને અન્ય કંઈ પણ ખર્ચ થતો હોય તો તે ઈજારદારે ભરવાનો રહેશે.

4. કેજયુઅલ કોન્ટ્રાકટ દરમ્યાન આપવામાં આવનાર બસ ૫૬ સીટ (૩×૨), પૂશ બેક સીટીંગ વ્યવસ્થાવાળી સંપૂર્ણ સુસજજ અને સારી હાલતમાં સુવિદ્યા–સભર વાળી આપવાની રહેશે. ગાડીના સીટ કવર, બારી બારણા સંપૂર્ણ કાચ સાથે ખોલ બંધ થાય તે રીતે, ઓડીયો / વિડીયોની સગવડતાં સાથે હોવી જોઈએ.

5. પ્રવાસ કાર્યક્રમ અંદાજે દસ દિવસ પ્રમાણે રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણા રાજયનો હોઈ આર.ટી.ઓ. પરમીટ સહિતની જરુરી કાર્યવાહી ઈજારદારે પ્રવાસ શરુ થતાં પહેલાં પૂર્ણ કરવાની રહેશે અને તેની જાણ અત્રેની કચેરીને અગાઉથી કરવાની રહેશે.

6. બસ શૈક્ષણિક પ્રવાસના કાર્યક્રમ મુજબના સ્થળોએ નિયત સ્થળ સુધી અથવા તે જ સ્થળની નજીકના સ્થળ સુધી નિયત સમય અનુસાર લઈ જવાની રહેશે. પ્રવાસનો રુટ આ સાથે સામેલ લીસ્ટ મુજબનો રહેશે તેમ છતાં પ્રવાસ ઈન્ચાર્જશ્રીને જરુર જણાય તો તેમાં ફેરફાર કરવાની સત્તા એનાયત થયેલ હોઈ ઈજારદારે તે પ્રમાણે અનુસરવાનું રહેશે.

7. પ્રવાસ દરમ્યાન મુસાફરોની સલામતી માટે  વાહન સહિત પુરેપુરો (ફુલ) વિમો ઈજારદારે તેમની રીતે કરાવવાનો રહેશે અને તેની નકલ અત્રેની કચેરીને પ્રવાસ શરુ થતા પેલા જમા કરવાની રહેશે.

8. પ્રવાસ દરમ્યાન  યુનિ. કર્મચારીઓ સિવાય અન્ય ઈજારદારના સ્ટાફ જેવા કે ડ્રાઈવર, કંડકટર તેમજ સંલગ્ન અન્ય સ્ટાફને કોઈ ભથ્થુ કે ચા–નાસ્તો / ભોજન /રહેઠાણની વ્યવસ્થા  જેવી સુવિધા આપવામાં  આવશે નહિ તેમને તેવી વ્યવસ્થા પોતેજ કરવાની રહેશે.

9. પ્રવાસ દરમ્યાન બસની મરામત કે અન્ય કામગીરી માટે રસ્તામાં કોઈ પણ પ્રકારની નાણાંકીય સહાય આપવામાં આવશે નહિં.

10. પ્રવાસ દરમ્યાન  વાહન બગડે અથવા તો બિન ઉપયોગી થાય ત્યારે વાહનના મરામત માટે છ કલાકથી વધારે સમય થાય તેમ હોય તો ઈજારદારે અન્ય વાહનની વ્યવસ્થા કરી નિયત પ્રવાસ કાર્યક્રમ મુજબ પ્રવાસ ચાલુ રાખવાનો રહેશે.

11. ઈજારદાર અને સંસ્થા વચ્ચે કોઈ કારણસર તકરાર કે ઝગડો થાય તો આ સંસ્થાના વડાનો નિર્ણય ઈજારદારને આખરી અને બંધન કર્તા રહેશે. ઈજારદાર આ બાબતે કોઈપણ કોર્ટ/કચેરીનો સહારો લઈ શકશે નહિં.

12. પ્રવાસ દરમ્યાન બસ અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારના શીરે રહેશે.

13. પ્રવાસ દરમ્યાન ઈજારદારના સ્ટાફે પ્રવાસ કાર્યક્રમ બાબતે ટુર–ઈન્ચાર્જ કે જવાબદાર અધિકારી તરફથી વખતો વખત આપવામા આવતા સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

14. પ્રવાસ દરમ્યાન ઈજારદારના સ્ટાફે સંપૂર્ણ શિસ્ત અને વ્યવહારીક પણુ રાખવાનું રહેશે.

15. જે બસ મોકલવાની હોય તેનો **<u>રજીસ્ટ્રેશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે</u>**. સંજોગો વસાત બસ બદલવાની થાય તો નીચે સહી કરનારની અનુમતિ મેળવી તેના જેટલી અથવા તેનાથી વધારે સુવિદ્યાવાળી નવી બસ ઈજારદારના ખર્ચે મોકલવાની રહેશે.

16. લકઝરી બસનું મોડલ વર્ષ અને ખરીદી વર્ષ અવશ્ય દર્શાવવાનું રહેશે. **<u>મોડલ વર્ષઃ ૨૦૧૬ કે તેનાથી ઉચ્ચુ હોવું જોઈએ.</u>**

17. પ્રવાસના દિવસની શરુઆત પહેલાં બસની સાફ સફાઈ નિયમિત કરવાની રહેશે.

18. **<u>લકઝરી બસ ટેન્ડર ભરનાર પાર્ટીના માલીકી હેઠળની જ હોવી જોઈએ.</u>**

19. ભાવ આપનાર ઈજારદારે ઉપરોકત તમામ શરતો માન્ય છે તે મતલબની લેખિતમાં બાહેંધરી કંપનીના લેટર પેડ ઉપર અલગથી આપવાની રહેશે.

20. ટેન્ડર મંજુર કરવા / રદ કરવા / ફેરફાર કરવા અંગેના તમામ અધિકારો નીચે સહીકરનારને અબાધિત રહેશે.

21. **<u>સંપુર્ણ ભરેલ ટેન્ડર (ટેન્ડર ફોર્મ, ટેન્ડર ફી નો ડીડી અને ડીપોઝીટનો ડીડી) પેપરમાં પ્રસિધ્ધ થયેલ તારીખથી દિન –૭ માં અત્રેની કચેરીને મળી જાય તે રીતે ફકત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ /કુરીયર થી મોકલવાના રહેશે. બંધ કવર ઉપર " લકઝરી બસના ભાવ " લખવાનું રહેશે. કોઈ પણ સંજોગોમા ટેન્ડર રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી અને સમય મર્યાદા પછી આવેલ ટેન્ડર રદ કરવામાં આવશે.</u>**

22. ટેન્ડર ફી રૂા.૧૫૦૦ અને ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦ નો અલગ–અલગ ડીડી 'એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ, એસ.બી.આઈ., દાંતીવાડા' ના નામનો જમા કરાવવાનો રહેશે. જેમા ટેન્ડર ફી નોન–રિફંડેબલ અને ડીપોઝીટના નાણાં પ્રવાસ સંતોષકારક પૂર્ણ થયે રિફંડ કરવામા આવશે.

23. જે ઈજારદારના ભાવ મંજુર થશે તેઓને એડવાન્સ પેટે આશરે ૭૦ % રકમ ચુકવવામાં આવશે. આ રકમ પ્રવાસ દરમ્યાન ઈજારદારના કારણે પ્રવાસ અટકાવવામાં આવશેતો એડવાન્સની રકમ તાત્કાલીક પરત જમા કરાવવાની રહેશે. તેમજ ઈજારદારની ડીપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.

24. ઈજારદારે **રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણા** રાજયમાં ફરી ચુકેલા અને પહાડીવિસ્તારમાં બસ ચલાવવાનો અનુભવ હોય તેવા ડ્રાઈવર ને મોકલવાના રહેશે.

25. પ્રવાસના ટેન્ટેટીવ ટુર પોગ્રામા દર્શાવ્યા મુજબ દિવસની મુસાફરી કરવાની રહેશે, તેમજ અનિવાર્ય સંજોગોમા રાત્રિની મુસાફરી પણ કરવાની થઈ શકે.

26. શૈક્ષણિક પ્રવાસ યુનિવર્સિટીના મુખ્ય મથક સરદારકૃષિનગરથી સવારે ત્રણ વાગ્યે શરૂ થશે તે મુજબ ઈજારદારે તેમની બસ પ્રવાસ શરૂ થવાના ૨ કલાક પહેલા તા. **<u>૦૮/૦૩/૨૦૧૯ રોજ</u>** મોકલવાની રહેશે.

સ્થળ:સરદારકૃષિનગર
તારીખ:૧૮/૦૨/૨૦૧૯

ડીન અને આચાર્ય

**COLLEGE OF VETERINARY SCIENCE AND ANIMAL HUSBANDRY**
**Sardarkrushinagar Dantiwada Agricultural University**
**Sardarkrushinagar-385 506**

## Tentative Educational Tour Program –08/03/2019 to 17/03/2019

| Sr. No. | Departure | | | Arrival | | | Km (Approx) |
|---|---|---|---|---|---|---|---|
| | Date | Time | Place | Date | Time | Place | |
| 01 | **08/03/2019** | 4.00 | Sardarkrushinagar | **08/03/2019** | 13.00 | Veterinary college (PGIVER), and Apollo college of veterinary medicine,**Jaipur** | 590 |
| 02 | **08/03/2019** | 15.00 | Veterinary college (PGIVER), and Apollo college of veterinary medicine,**Jaipur** | **08/03/2019** | 22.00 | NDRI, **Karnal** | 390 |
| **Night Halt at Karnal, 08/03/2019** | | | | | | | |
| 03 | **09/03/2019** | 14.00 | NDRI, **Karnal** | **09/03/19** | 21.00 | Municipal Abbatoir and Small animal Clinic (Govt. of HP), **Shimla** | 285 |
| **Night Halt at Shimla, 09/03/2019** | | | | | | | |
| 04 | **10/03/2019** | 13.00 | Municipal Abbatoir and Small animal Clinic (Govt. of HP), **Shimla** | **10/03/19** | 21.30 | ICAR-NTRS, **Garasa** and Animal Hospital, Kullu-Manali | 300 |
| **Night Halt at Kullu-Manali, 10-11/03/2019** | | | | | | | |
| 05 | **12/03/2019** | 06.00 | ICAR-NTRS, **Garasa** and Animal Hospital, Kullu-Manali | **12/03/19** | 12.00 | Veterinary college, **Palampur** | 265 |
| 06 | **12/03/2019** | 16.00 | Veterinary college, **Palampur** | **12/03/19** | 22.00 | Veterinary Hospital Banikhet, Chamba, **(H. P.)** | 195 |
| **Night Halt at Delhousie, 12-13/03/2019** | | | | | | | |
| 07 | **14/03/2019** | 7:00 | Veterinary Hospital Banikhet, Chamba, **(H.P)** | **14/03/19** | 14:00 | Khalsa Veterinary College, **Amritsar** | 275 |
| **Night Halt at Amritsar, 14/03/2019** | | | | | | | |
| 08 | **15/03/2019** | 8:00 | Khalsa Veterinary College, **Amritsar** | **15/03/19** | 12:00 | Veterinary University (GADVASU), **Ludhiana** | 205 |
| **Night Halt at Ludhiana, 15/03/2019** | | | | | | | |
| 09 | **16/03/2019** | 5:00 | Veterinary University **Ludhiana** | **16/03/19** | 14:00 | Veterinary College (CVAS)and NRC Camel, **Bikaner** | 505 |
| 10 | **16/03/2019** | 17.00 | NRC, Camel, **Bikaner** | **16/03/19** | 22:00 | LRS, Chandan, **Jaisalmer** | 360 |
| **Night halt at Jaisalmer, 16/03/2019** | | | | | | | |
| 11 | **17/03/2019** | 13:00 | LRS, Chandan, **Jaisalmer** | **17/03/19** | 21.30 | Sardarkrushinagar | 550 |
| | | | | | | **Total KM Approx.** | **3920** |

# CHECK LIST

| | | |
|---|---|---|
| **LIST OF DOCUMENTS NEED TO SUBMIT WITH TENDER**<br>**નોંધ– પેપરમાં પ્રસિધ્ધ થયેલ તારીખથી દિન –૭ માં અત્રેની કચેરીને મળી જાય તે રીતે ફકત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરીયર થી મોકલવાના રહેશે. બંધ કવર ઉપર " લકઝરી બસના ભાવ " લખવાનું રહેશે.** | | |
| 1. | સંપૂર્ણ ભરેલ ટેન્ડર ફોર્મ | |
| 2. | ટેન્ડર ફી રૂા.૧૫૦૦ નો ડીડી | |
| 3. | ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦ નો ડીડી | |
| 4. | તમામ શરતો માન્ય છે તે મતલબની લેખિતમાં બાહેંધરી કંપનીના લેટર પેડ ઉપર આપવાની રહેશે | |
| 5. | બસની આર.સી બુકની નકલ | |
| **LIST OF DOCUMENTS NEED TO SUBMIT BY APPROVED PARTY BEFORE BEIGNING OF JOURNEY** | | |
| 1. | ડ્રાઈવરના ડ્રાઈવીંગ લાઈસન ની નકલ | |
| 2. | ફુલ વિમાની નકલ | |
| 3. | RTO permite ની નકલ | |

દૈનિક સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત

# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, સરદારકૃષિનગર, તા: દાંતીવાડા,જી: બનાસકાંઠા

## ટૂંકી મુદતની નિવિદા

આ મહાવિધાલયના દસમા સત્રમા અભ્યાસ કરતા સ્નાતક કક્ષાના વિદ્યાર્થિઓને **તા–૦૮/૦૩/૨૦૧૯ થી તા–૧૭/૦૩/૨૦૧૯** દરમ્યાન **રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ અને હરિયાણાના** શૈક્ષણિક પ્રવાસ અર્થે લકઝરી બસની જરૂરીયાત હોઈ રસધરાવતી પાર્ટીઓ પાસેથી પ્રતિ કિલોમીટરના ભાવ (તમામ ટેક્ષ સાથે) મંગાવવામા આવે છે. જે અંગેની વિગતવાર માહિતી ( ટેન્ડર નોટીસ, ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો અને બોલીઓ અને ટેન્ટેટીવ ટુર પોગ્રામ) https://sdau.edu.in વેબસાઈટ ઉપરથી મળી રહેશે. સંપૂર્ણ ભરેલ ફોર્મ પેપરમાં પ્રસિધ્ધ થયેલ તારીખથી **દિન –૭,** માં અત્રેની કચેરીને મળી જાય તે રીતે ફકત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ /કુરીયર થી મોકલી આપવા જણાવવામાં આવે છે.

**આચાર્ય**